

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-12 ■ તા. 15-03-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# કોરોનાના કહેરને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરાઈ

## ...તો ભારતમાં ચીન જેવી અફડાતફડી સર્જાઇ શકે..!?

ન્યુ દિલ્હી,તા.૧૪: ભારતમાં અત્યારે કોરોના વાઈરસ સ્ટેજ-૨માં છે. જો તેને ફેલાતુ રોકવામાં નહીં આવે તો તે ૩૦ દિવસમાં ઈન્ફેક્શનના ત્રીજા સ્ટેજમાં પહોંચી શકે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડિરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે કહ્યું છે કે, વાઈરસનું આગામી સ્ટેજ અટકાવવા માટે ૩૦ દિવસ છે. જો પૂરતા ઉપાય કરવામાં ન આવ્યા તો કોરોના વાઈરસને સ્ટેજ-૩માં જતા રોકી શકાય તેમ નથી. સરકાર આ દિશામાં આગળ વધી રહ્યા છે. વાઈરસને ટક્કર આપવા માટે દેશમાં જ્યાં પણ ઈન્ફેક્શન ફેલાયું છે ત્યાં તેની પૂરતી તૈયારી કરવામાં આવી રહી છે.ભાર્ગવે જણાવ્યું છે કે, થર્ડ સ્ટેજમાં વાઈરસ લોકોમાં ફેલાવાનું શરૂ થાય છે જ્યારે ફોર્થ સ્ટેજમાં વાઈરસ પહોંચતા તે મહામારીનું સ્વરૂપ લે છે. હાલ કહેવું મુશ્કેલ છે કે આ મહામારી ક્યારે ખતમ થશે. ચીન અને ઈટાલીમાં કોરોના વાઈરસનું ઈન્ફેક્શન સ્ટેજ ૬માં પહોંચી ગયું છે.

- ૧૮મી સુધી સંસદ સત્ર પણ પૂરુ કરવાની શક્યતા
- વિશ્વના ૧૪૫ દેશોમાં કોરોનાનો આતંક,૫૪૨૯ના મોત,૧.૪૫ લાખ કેસ નોંધાયા
- અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટી જાહેર, ઈટાલીમાં એક જ દિવસમાં ૨૫૦ના મોતથી ખળભળાટ
- ચીન બાદ યુરોપ કોરોના વાયરસની મહામારીનું કેન્દ્ર બન્યુ: ડબલ્યુએચઓ
- કેન્દ્ર સરકાર સખ્ત: સેનેટાઈઝર, માસ્કની કાળા બજારી પર ૭ વર્ષની જેલ



ન્યુ દિલ્હી,તા.૧૪

અમેરિકાએ કોરોના વાયરસની ભયાનકતાને જોઈને રાષ્ટ્રીય કટોકટી જાહેર કર્યા બાદ ભારત સરકારે પણ આજે આ રોગને ×રાષ્ટ્રીય મહામારી× તરીકે જાહેર કરતાં સમગ્ર દેશમાં હવે તેના સામના માટે વહીવટી તંત્ર ખાસ કરીને આરોગ્ય તંત્રને વધારે સજાગ કરી દેવામાં આવ્યું છે. અને મહામારી જાહેર કરતાં કોરોનાની બિમારીને ઈમરજન્સીનો દરજ્જો આપતાં કોરોનાને કારણે મરનારાઓના પરિવારજનોને સહાય પેટે ૪ લાખ આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. દેશના ૧૩ રાજ્યોમાં હાલમાં ૯૧ કેસ પોઝીટીવ અને બે મોત થયા છે. સંખ્યાબંધ રાજ્યોએ લોકોને તેનાથી બચાવવા શાળાકોલેજો, સિનેમાગૃહો વગેરે. પર કામચલાઉ પ્રતિબંધ મૂક્યો છે. તો વિશ્વમાં આ રોગથી મરનારાઓની સંખ્યા ૫ બજારથી ઉપર પહોંચી ગઈ છે. ૧૨ રાજ્યોમાં સ્કૂલ-કોલેજ બંધ કરી દેવામાં આવી છે, ૩ એપ્રિલ સુધી ચાલનાર સંસદનું બજેટ સત્ર ૧૮ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવે તેવી શક્યતા પણ જોવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારે કોરોના વાઈરસની વધતી અસરને ધ્યાનમાં રાખીને ṇ-૯૫ માસ્ક અને હેન્ડ સેનિટાઈઝરને જરૂરિયાતની વસ્તુની કેટેગરીમાં મૂકીને તેના કાળાબજાર કરનારાઓ સામે જેલની સજા સહિતના કડક પગલા ભરવાની જાહેરાત પણ કરી છે. બીજી તરફ આરોગ્ય નિષ્ણાતોના મતે કોરોના રોગચાળાની સ્થિતિને જોતાં બે મોત થતાં ભારત આ રોગના બીજા તબક્કામાં પહોંચી ગયું છે. અને તેને ત્રીજા તબક્કામાં જતાં રોકવા આગામી ૩૦ દિવસ ભારત માટે આ રોગને રોકવા માટે કટોકટીના સાબિત થશે. ત્રીજો તબક્કો એટલે ચીન-ઈટાલી જેવી ભયાનક પરિસ્થિતિનો તબક્કો જેમાં મોતની સંખ્યા સૌથી વધારે મનાય છે. તેથી ભારત સરકારે વધુ મોત અટકાવવા તેને રાષ્ટ્રીય આપત્તિ કે મહામારી જાહેર કરીને સૌ કોઈને તેનાથી બચવાની અપીલ પણ કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૩ એપ્રિલ સુધી ચાલનાર સત્ર ૧૮ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવે તેવી શક્યતા છે. ત્રણ સાંસદોએ પીએમને પત્ર લખીને સત્ર સમાપ્ત કરવાની માંગણી કરી છે.

ભારતમાં કોરોનાના ૮૯ કેસ સામે આવ્યાં છે જેમાંથી બે લોકોના મોત નિપજ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે કોરોનાથી ઈન્ફેક્ટેડ ૧૦ લોકો અત્યાર સુધી સાજા થઈ ગયા છે. તેમાં ઉત્તર પ્રદેશના ૫, કેરળના ૩, રાજસ્થાન અને દિલ્હીના ૧-૧ દર્દી સામેલ છે. સારવાર પછી તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસના ૮૯ કેસમાંથી દિલ્હીમાં કોરોના વાયરસના ૬, હરિયાણામાં ૧૭, કેરળમાં ૨૨, રાજસ્થાનમાં ૩, તેલંગાણામાં એક, ઉત્તર પ્રદેશમાં ૧૧, લદ્દાખમાં ૩, તમિલનાડુમાં એક, જમ્મુ કાશ્મીરમાં ૨, પંજાબમાં એક, કર્ણાટકમાં ૭, આંધ્રપ્રદેશમાં એક કેસ અને મહારાષ્ટ્રમાં ૧૯ કેસ સામે આવ્યાં છે.

ચીનના વુહાનથી શરુ થયેલા કોરોનાએ દુનિયાના ૧૨૭ દેશોમાં પગપેસારો કર્યો છે. ચીનમાં તો કોરોનાનો કેર ઘટી રહ્યો છે. પરંતુ દુનિયાના અન્ય દેશોમાં મૃત્યુ દર વધી રહ્યો છે. ઈટલીમાં અત્યાર સુધી એક હજારથી વધુ લોકો મોતને ભેટ્યા છે. કોરોનાથી દુનિયાભરમાં ૫૪૦૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે અને મૃત્યુઆંક સતત વધી રહ્યો છે.

કોરોના વાયરસને કારણે દેશના ઘણા રાજ્યોમાં શાળાઓ અને કોલેજો બંધ કરવામાં આવી છે. કોરોનાને દિલ્હીમાં મહામારી જાહેર કરવામાં આવ્યો છે. દિલ્હી, કર્ણાટક, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ સહિત દેશના ઘણા રાજ્યોમાં સિનેમા હોલ અને મીટિંગ્સ પર પ્રતિબંધ છે. કર્ણાટકમાં પણ લગ્ન સમારોહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. લોકો મોટી સંખ્યામાં ભેગા થઈ શકતા નથી.

વૈશ્વિક ચિંતાનો વિષય બનેલા કોરોના વાયરસની નોંધ લઈને સુપ્રીમ કોર્ટે શુક્રવારે નક્કી કર્યું છે કે ૧૬ માર્ચથી માત્ર અર્જન્ટ કેસોની સુનાવણી કરાશે અને તેના કોર્ટરૂમ્સની અંદર વકીલો સિવાય કોઈ વ્યક્તિને પ્રવેશની મંજૂરી નહિ અપાય. ચીફ જસ્ટિસ એસ એ બોબડેના નિવાસસ્થળે મળેલી બેઠકોમાં આ મુદે વિચારણા થઈ હતી.

સુપ્રીમ કોર્ટે વિશ્વ આરોગ્ય સંગઠનને વૈશ્વિક રોગચાળો જાહેર કરવાની હકીકતને ધ્યાનમાં લઈને જાહેર મેળાવડા સામે ચેતવણી આપતી પાંચમી માર્ચે જારી કરવામાં આવેલી એડવાઈઝરીની નોંધ લીધી હતી. સુપ્રીમના સેક્રેટરી જનરલ સંજીવ એસ કાલગાંવકરે જારી કરેલા નોટિફિકેશનમાં જણાવાયું હતું કે તેની કામગીરી માત્ર અર્જન્ટ કેસોની સુનાવણી સુધી જ મર્યાદિત રાખવાની રહેશે.

## કોરોનાનો કહેર: યૂનાનના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિએ ખાલી સંસદમાં શપથ લીધા

યૂનાન,તા.૧૪

યૂનાનના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ અને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશે શુક્રવારના રોજ સત્તાવાર રીતે પદ અને ગોપનિયતાને શપથ લીધા હતા. બે મહિના પહેલા દેશની સંસદે તેમને ચૂંટ્યા હતા. કોરોના વાયરસના કહેરના કારણે કેટરિના સાકેલારોપોઉલોઉનો શપથગ્રહણ સમારંભ ખાલી સંસદમાં યોજાયો હતો.આ શપથગ્રહણ સમારંભમાં અમુક સાંસદો અને પત્રકાર સિવાય કોઈ હાજર નહોતું. યૂનાનમાં કોરોના વાયરસના કારણે શાળા, કોલેજ, યુનિવર્સિટીઓ, થિયેટર, સિનેમા, જિમ, નાઈટક્લબ બંધ કરી દેવામાં આવ્યા છે. સાથે જ અધિકારીઓને પણ ચેતવણી આપવામાં આવી છે કે, તેઓ ઘરમાં જ રહે. જાહેર સ્થળો પર એકઠા થવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. યૂનાનમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કારણે ૧૧૭ કેસ સામે આવ્યા છે. જેમાં એક વ્યક્તિનું મોત પણ થઈ ગયું છે.

### ટ્રમ્પે વાઈરસ સામે લડવા ૫૦ અરબ ડોલરની જાહેરાત કરી

## કોરોનાનો કહેર: અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટી જાહેર

**અમેરિકામાં કોરોનાના ૨ હજાર કેસ નોંધાયા,૫૦થી વધુ લોકોના મોત, ૨૦ વર્ષ બાદ ચેપી રોગને રાષ્ટ્રીય ઇમરજન્સી જાહેર કરવામાં આવી**

વૉશિંગ્ટન,તા.૧૪

કોરોના વાઈરસના વધતા પ્રભાવને જોતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં ઈમર્જન્સી જાહેર કરી છે. ટ્રમ્પે આ વાઈરસ સામે લડવા સંઘીય મદદ (ફેડરલ સહાય) તરીકે ૫૦ અરબ ડોલરની જાહેરાત કરી છે. અમેરિકામાં ૨૦ વર્ષ બાદ કોઈ ચેપી રોગને રાષ્ટ્રીય ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. આ પહેલા વર્ષ ૨૦૦૦માં તત્કાલીન રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટને વેસ્ટ નીલે વાઈરસનો સામનો કરવા માટે આવી ઈમર્જન્સીની જાહેરાત કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેઓ પણ પોતાનો કોરોના વાયરસ ટેસ્ટ કરાવી શકે છે. જો કે તેમણે એ વાત ઉપર જોર આપ્યું હતું કે તેમને તાવના કોઈ લક્ષણ નથી.

ટ્રમ્પે આ જાહેરાત દરમિયાન કહ્યું કે આગામી અઠવાડિયાઓમાં આપણા જીવનમાં પરિવર્તન અને ઘણો ત્યાગ કરવો પડશે. આપણા આ ત્યાગથી લાંબા ગાળે ઘણો લાભ થશે. આગામી આઠ આઠવાડિયા આપણા માટે ઘણા મહત્વપૂર્ણ રહેવાના છે. આ સાથે જ તેમણે કોરોના સામે લડવા માટે દરેક રાજ્યમાં ઈમર્જન્સી કેન્દ્રો સ્થાપના કરશે. બીજી તરફ, દુનિયામાં કોરોના વાઈરસના કારણે કુલ ૧ લાખ ૪૫ હજાર ૬૩૪ કેસ સામે આવી ચુક્યાં છે. ભારતીય સમય અનુસાર શનિવાર સવાર સુધીમાં કુલ ૫૪૩૬ લોકોના મોત નીપજ્યાં છે.ટ્રમ્પ પર છેલ્લા ઘણા સમયથી ૧૯૮૮ના કાયદા અંતર્ગત ચેપી રોગ કોરોના વાઈરસને રાષ્ટ્રીય ઈમર્જન્સી જાહેર કરવા દબાણ થઈ રહ્યું હતું. આ કાયદો સંઘીય ઈમર્જન્સી મેનેજમેન્ટ એજન્સી (ફેમા)ને રાજ્ય સરકારોને ડિઝાસ્ટર ફંડ પુરુ પાડવું અને મદદ માટે ટીમને તૈનાત કરવાની પરવાનગી આપે છે. અમેરિકામાં આ પગલાનો ઉપયોગ ભાગ્યે જ કરવામાં આવે છે.ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાઈરસને સંઘીય ઈમર્જન્સી જાહેર કતી વેળાએ પોતાના ભારત પ્રવેશનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું ભારતમાં પસાર કરેલા બે દિવસ ઘણા ખાસ રહ્યાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મારા ઘણા સારા મિત્ર છે. તેમની સાથે સમય ગાળવાના મજા આવી. અમે સિમાળા ઓળંગી દરેક મુદ્દે ચર્ચા કરી.

ભારતીય સમય અનુસાર શુક્રવર રાત સુધી અમેરિકામાં કોરોના વાઈરસના કુલ ૨ હજાર કેસ સામે આવ્યાં છે. જ્યારે ૫૦ લોકોના મોત નીપજ્યાં છે. ટ્રમ્પે અમેરિકા બંદરો પર આવતા જાહજો પર પ્રતિબંધ મુકી દીધો છે. મેક્સિકો અને બીજા દેશ સાથે જોડાયેલી અમેરિકાની સરહદો પર હાઈ થર્મલ સ્કેનર લગાવામાં આવ્યાં છે. અમેરિકાની સેનાની સ્પેશિયલ મેડિકલ યુનિટને પણ પરિસ્થિતિ પર નજર રાખવા માટે એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે.

### પ્રજાને લાભ આપવાને બદલે ડામ: પેટ્રોલ-ડિઝલ મોંઘા થશે

## મોદી સરકારે પેટ્રોલ-ડિઝલની એક્સાઈઝ ડ્યૂટીમાં લિટરે રૂ.૩નો વધારો કર્યો

**સસ્તા ક્રૂડનો ફાયદો ખુદ સરકાર ઉઠાવશે,પ્રજાને રાહતને બદલે ડિંગો,પેટ્રોલમાં ૨થી ૮નો ભાવ વધારો થશે તો ડિઝલમાં ૪ રૂ.ના વધારાની શક્યતા**

ન્યુ દિલ્હી,તા.૧૪

ઓપેક દેશો વચ્ચે ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટાડવા સંમતિ ન સધાતા સઉદી અરેબિયાએ પ્રાઈઝ વોરની શરૂઆત કરી દીધી છે. પ્રાઈઝ વોરના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ઘટવાને કારણે ભારતમાં પેટ્રોલ-ડીઝલ સસ્તું થવાની આશા પ્રજા રાખી હતી. જોકે સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં રાહત નહીં આપીને એક્સાઈઝ ડ્યુટી વધારવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લીટરે રૂ.૩નો વધારો કર્યો છે જે ૧૪ માર્ચથી અમલમાં આવશે. પેટ્રોલ ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીના વધારાથી સરકારને વધારાની રૂ.૨૦૦૦ કરોડની આવક થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. દેશની ઓઈલ કંપનીઓએ ઈંધણના ભાવમાં હાલ ઘટાડોએ કર્યો છે. હવે જોવાનું તે રહેશે કે તેલ કંપનીઓ આ વધારાનો બોજો ગ્રાહકને માથે મારશે કે પોતે વહન કરશે.કોરોના વાયરસથી પ્રેરિત મંદીના ભયને કારણે વૈશ્વિક બજારમાં તેલના ભાવોમાં કડાકો બોલાયો હતો. આ બાદ ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલ સસ્તું થયું હતું. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઘટતાં દેશમાં પણ પેટ્રોલ-ડીઝલનો ભાવ ઘટવાની શક્યતા જોવા મળી રહી હતી. જો સરકાર એક્સાઈઝ ડ્યુટી વધારવાનો નિર્ણય લેતાં ક્રૂડની કિંમતોમાં ઘટાડાથી સામાન્ય જનતાને રાહત મળવાની શક્યતા ઘણી જ ઓછી થઈ ગઈ છે. અત્રે નોંધનીય છે કે સપ્તાહ અગાઉ ઓઈલનું ઉત્પાદન ઘટાડવાના મુદ્દે ઓપેકના દેશો વચ્ચે સંમતિ સાધવામાં ના આવતા બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ૩૦ ટકા તૂટીને ૩૧ ડોલર પ્રતિ બેરલે પહોંચી ગયો હતો. ઓપેક દેશો વચ્ચે ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટાડવા સંમતિ ન સધાતા સઉદી અરેબિયાએ પ્રાઇસ વોરની શરૂઆત કરી હતી. ઓપેકના દેશો વચ્ચેની બેઠકમાં ઉત્પાદન ઘટાડવા મુદ્દે રશિયા સંમત ન થતાં આ ક્રૂડનું ઉત્પાદન ઘટાડવા મુદ્દે સંમતિ સાધી શકાઈ ન હતી.

### રાજ્યસભામાં રજૂ કરાયેલા રિપોર્ટમાં ચોંકાવનારું તારણ

## દેશમાં અડધા જેટલી સરકારી સ્કૂલોમાં વીજળી નથી: રિપોર્ટ

**૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૨માં ૫૦ ટકાથી વધુ સરકારી શાળાઓમાં વીજળી નથી**

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશમાં અડધા જેટલી સરકારી સ્કૂલોમાં વીજળી જ નથી તેવો ચોંકાવનારો અહેવાલ મળ્યો છે. રાજ્યસભામાં રજૂ કરાયેલા માનવ સંશાધન વિકાસ અંગેની સંસદની સ્થાયી સમિતિએ રજૂ કરેલા રિપોર્ટમાં આ જાણ કરાઈ છે. તેમાં વધુમાં ઉમેરાયું છે કે દેશની માત્ર ૫૬.૪૩ ટકા સરકારી સ્કૂલોમાં વીજળી મળી શકી છે. ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૨માં ૫૦ ટકાથી વધુ સરકારી સ્કૂલોમાં વીજળી કનેક્શન નથી. મેઘાલયમાં સ્થિતિ સૌથી ખરાબ છે. અહીંની ૮૧.૩૧ ટકા સ્કૂલોમાં વીજળી નથી. એ પછી મધ્યપ્રદેશ (૮૦.૩૯) ટકા સાથે બીજા ક્રમે છે. ઉત્તરપ્રદેશની ૩૧.૦૫ ટકા સ્કૂલોમાં વીજળી છે. આસામ, જમ્મુ-કાશ્મીર, ઓડિશા અને બિહારમાં આ ટકાવારી અનુક્રમે ૨૪.૭૮, ૨૮.૨૯, ૩૦.૧૩ અને ૪૨.૪૩ છે. રિપોર્ટમાં ઉમેરાયું છે કે સ્કૂલ શિક્ષણ વિભાગની બજેટ ફાળવણી ૨૦૨૦-૨૧ના ૮૨,૫૭૦.૦૪ કરોડના અંદાજ સામે ૧ ૨૨,૭૨૫.૦૪નો ઘટાડો કરાયો છે. આ વિભાગને માત્ર ૧ ૫૯,૮૪૫ કરોડની જ ફાળવણી કરાઈ છે. માત્ર વીજળીના મોરચે જ સ્થિતિ ખરાબ છે તેમ નથી. સરકારી સ્કૂલોમાં માળખાગત બાંધકામની કામગીરીની ગતિ પણ ધીમી છે. મહિલાઓ અને દિવ્યાંગ બાળકો માટે ટોઈલેટ્સ બાંધવામાં પણ તંત્ર નબળું રહ્યું છે. નવા ક્લાસરૂમ્સ પણ બાંધવામાં ગોકળગાયની ગતિ છે. સેકન્ડરી સ્કૂલોમાં મંજૂર કુલ ૧,૮૬૯ ટોઈલેટ્સમાંથી અત્યારસુધી માત્ર ૯૯ ટોઈલેટ્સ બંધાયા છે. આમ આ ગતિનો દર માત્ર ૪.૫૫ ટકા છે. આવી જ રીતે સેકન્ડરી સ્તરે છોકરીઓ માટે કુલ ૩૬,૩૨૧ ટોઈલેટ્સ બંધાવાના હતા. તેમાં માત્ર ૨૪,૫૪૦ ટોઈલેટ્સ જ બંધાયા છે. પ્રાથમિક અને સેકન્ડરી સ્કૂલોમાં માળખાગત સવલતો બાંધવાની ગતિ અત્યંત ધીમી છે. જોકે હાયર સેકન્ડરી સ્કૂલોમાં આમાં થોડોક સુધારો છે. સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અને ટીચર એજ્યુકેશન જેવા કેન્દ્ર દ્વારા સ્પોન્સર્ડ સ્કીમોને આવરી લેતા સ્કીમ હેઠળ હેઠળ ૫૬ સ્કૂલોને એચએસ સ્કૂલોમાં અપગ્રેડ કરાવાના હતા.

## મુંબઈમાં બીએમડબલ્યુ કાર ડિવાઈડર સાથે અથડાઈ: બાળકી સહિત ત્રણના મોત

મુંબઈ,તા.૧૪

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ફરી એકવાર પૂરપાટ ઝડપે ત્રણ લોકોનો ભોગ લીધો છે. વર્લીમાં પૂરપાટ જઈ રહેલી બીએમડબલ્યૂ કાર બેકાબૂ થઈને ડિવાઈડર સાથે અથડાઈ હતી. કારની ડિવાઈડર સાથે ટક્કરથી ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. ઘટનાની સૂચના મળ્યા બાદ પોલીસ દોડી આવી હતી. પોલીસે કારમાં સવાર ચાર લોકોને બહાર કાઢ્યા હતા. જેમાંથી ત્રણ લોકોનાં મોત થઈ ચુક્યા હતા. કાર એક મહિલા ચલાવી રહી હતી, જેની હાલત ગંભીર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.પોલીસને મળેલી જાણકારી પ્રમાણે મુંબઈના વર્લીના મેલા રેસ્ટોરન્ટ જંક્શન પાસે હાઈસ્પીડ બીએમડબલ્યૂ કારની ડિવાઈડર સાથે ટક્કર થઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસને માલુમ પડ્યું હતું કે કારમાં ચાર લોકો સવાર હતા. કાર એક મહિલા ચલાવી રહી હતી. પોલીસે ઘાયલોને બહાર કાઢ્યા ત્યારે ત્રણ લોકોનાં મોત થઈ ચુક્યા હતા. મૃતકમાં મહિલાની છ માસની બાળકીનો પણ સમાવેશ થાય છે. મૃતકોમાં મહિલાની ૭૦ વર્ષની માતા અને ૬૨ વર્ષના એક સંબંધી સામેલ છે. મહિલાની ઓળખ મિતા ચાંદ તરીકે કરવામાં આવી છે, તેની હાલત ખૂબ ગંભીર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.ડૉક્ટરનું કહેવું છે કે મહિલા વિશે કંઈ પણ કહેવું મુશ્કેલ છે.

મહિલાની હાલત ખૂબ જ ગંભીર છે. પ્રાપ્ત વિગત પ્રમાણે મહિલા અંધેરીની નિવાસી છે. ઘટનાને નજરે જોનાર લોકોનાં જણાવ્યા પ્રમાણે કારની જ્યારે ડિવાઈડર સાથે ટક્કર થઈ હતી ત્યારે તેની ઝડપ ખૂબ વધારે હતી. કહેવામાં આવી રહ્યું છે કે રસ્તા પર સ્પીડ બ્રેકર આવતીને સાથે જ મહિલાએ સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જે બાદમાં કારની ટક્કર ડિવાઈડર સાથે થઈ હતી.

## પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો,અંકિતના શરીર પર ૫૧ ઈજાના નિશાન હતા

ન્યુ દિલ્હી,તા.૧૪

ઉત્તર-પૂર્વ દિલ્લીના વિસ્તારોમાં ભડકેલી હિંસામાં ઈંટેલીજન્સ બ્યૂરોના અધિકારી અંકિત શર્માની હત્યા કરી દેવામાં આવી હતી. અંકિત શર્માની હત્યા કેસમાં આમ આદમી પાર્ટીના નેતા તાહિર હુસેનને દિલ્લી પોલિસ ધરપકડ કરી ચૂકી છે. વળી, અંકિત શર્માનો પોસ્ટમૉર્ટમ રિપોર્ટ સામે આવ્યો છે જેમાં ખુલાસો થયો છે કે અંકિમ શર્મા પર ચાકૂથી વાર કરવા સાથે સાથે રૉડ અને દંડાથી પણ હુમલો કરવામાં આવ્યો હતો.અંકિત શર્માના પોસ્ટમૉર્ટમ રિપોર્ટ સામે આવ્યો છે જેમાં તેમના શરીર પર ચાકૂના નિશાન મળી આવ્યા છે. આ નિશાન થાઈ, પગ, છાતી સહિત શરીરના પાછળના ભાગ પર મળી આવ્યા છે. અંકિતના શરીર પર ઈજાના કુલ ૫૧ નિશાન હતા. પોસ્ટમૉર્ટમ રિપોર્ટ મુજબ ૬ કટના નિશાન હતા. પોલિસ સૂત્રો મુજબ અંકિતના શરીર પર ચાકૂથી વારના ઉંડા નિશાન મળ્યા હતા. આ ઉપરાંત અંકિતના શરીર પર ૩૩ ઈજાના નિશાન મળ્યા જેમાં રૉડ અને દંડાથી માથા અને શરીર પર હુમલો કરવામાં આવ્યો હતો.

આ પહેલા અંકિત શર્માના શરીર પર ઈજાના ૪૦૦ નિશાન જણાવવામાં આવી રહ્યા હતા. લોકસભામાં થોડા દિવસો અગાઉ એઆઈએમઆઈએમ સાંસદ અસદુદ્દીન ઓવૈસીના સવાલોના જવાબ આપતા ગૃહમંત્રી અમિત શાહે પણ કહ્યુ હતુ, આઈબી ઑફિસર અંકિત શર્માના શરીર પર ૪૦૦ ઘા હતા, જો આના પર બોલતા તો સારુ રહેત. શાહે કહ્યુ હતુ કે એસઆઈટીને અંકિત શર્માની હત્યાના કેસમાં મહત્વના સુરાગ મળ્યા છે અને એક વીડિયો પણ તેમને હાથ લાગ્યો છે. તમને જણાવી દઈએ કે અંકિત શર્માનુ શબ ચાંદબાગ વિસ્તારના એક નાળામાંથી મળી આવ્યુ હતુ.

# તંત્રી લેખ

## મતદારોએ મજબૂત વિપક્ષ તરીકે ફરીથી ભાજપાને જ પસંદ કરવો પડશે......!!

લોકશાહી દેશ ભારતમાં એક સમયે ભાજપા વિરોધ પક્ષ તરીકે હતો પરંતુ મજબૂત વિરોધ પક્ષ હતો. લોકહિત પ્રશ્ને,સળગતા પ્રશ્નો બાબતે સરકારને ભીસમાં લઈ લેતો હતો. પ્રજાકીય પ્રશ્નો ઉઠાવીને જે તે રાજ્ય સરકારોને પણ મુશ્કેલીમાં મૂકી દેતો હતો. જે અતિ જરૂરી પણ હતું... પરંતુ અત્યારે દેશમાં ઉલટુ બની રહ્યું છે વિરોધ પક્ષો દિન-બ-દિન નબળા પડતા જઈ રહ્યા છે જે ભારતના લોકોની કમનસીબી છે.....! રાજકિય તમામ પક્ષો પોતપોતાના જીદ્દી વલણ તેમજ પોતે મોટો તેવી ભાવના અને દરેક પક્ષોમાં આંતરિક ડખો તેના નબળા પડવાનું કારણ છે. તો લોકો પણ ટકોરા મારીને ઉમેદવારોને પસંદ કરતા નથી. ઉપરાંત જે તે તમામ પક્ષો જીતી શકે તેવા ઉમેદવારો પસંદ કરવામાં ગળાડૂબ બની ગયા છે પછી ભલે જે તે ઉમેદવારનો ઈતિહાસ ગુન્હાહિત હોય, બાહુબલી હોય કે ગુનેગાર હોય અને લોકો અહીંજ માર ખાઈ જાય છે. આખરે લોકોને મત આપ્યા બાદ છેતરાયા હોવાની અનુભૂતિ લાંબા સમયે થાય છે.... ત્યારે દોડતા હતા ને ઢાળ મળી ગયો તેમ ભાજપાને રસ્તો મળી ગયો.. ભાજપામાં સત્તા લાલસા એ હદે જાગી ગઈ છે કે તે સારાસારનું કશું વિચારતો નથી, તેની માન્યતા છે કે લોકો આજે ખાધેલું, વાંચેલું, જાણેલુ કાલે ભૂલી જાય છે.... વળી ભારતના લોકો ખરેખર ભોળા છે એટલે ધારે તે પક્ષ ગુમરાહ કરી શકે છે.....! તેમાં પણ ભારતના લોકો સનાતની સંસ્કૃતિને કારણે ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા છે.એટલે આવા લોકોને ધર્મનો રસ પીવડાવીને આસાનીથી છેતરી શકાય છે......! અને ભાજપા સિવાયના કોઈપણ રાજકીય પક્ષો આ વાત સમજી શક્યા નથી... તેથી ભાજપા સફળતાના પગથીયા ચડી ગયો છે. જો કે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ભાજપાને હનુમાનજીની પૂજા કરીને ભારે ભારે ભીસમામાં મૂકી દીધો છે.... જાણે કે ભાજપાના હાથમાંથી હિન્દુ કાર્ડ છીનવાઈ ગયું હોય......! પરંતુ અન્ય પક્ષો આજે પણ આંધળા પાટા માં દોડી રહ્યા છે....! જેમાં કોંગ્રેસનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસમાં પ્રથમ હરોળના નેતાઓ વર્ષોથી એક જ સ્થાને ચિટકી રહ્યા છે અને આવા નેતાઓ યુવાનોની શક્તિને ઓળખી શક્યા નથી તેમજ હવે યુવાઓને માટે જગ્યા ખાલી કરી આપવી જોઈએ તે વાત સમજવા તૈયાર નથી......! આવા કારણે જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા કોંગ્રેસ છોડીને ભાજપામાં જઈ રહ્યા છે. તો કોંગ્રેસ સિવાયના અન્ય રાજકીય વિરોધ પક્ષો એક ભાણે બેસવા તૈયાર નથી જે એક હકીકત છે તેનો દાખલો છે બંગાળના મમતા દીદી, યુપીમાં બસપા-સપા અખિલેશ, બિહારમાં રાજદ અને કોંગ્રેસ વચ્ચેની વૈમનશ્યતા... આવા તો અનેક દાખલા છે ત્યારે એક જ સવાલ છે કે લોકહિતના પ્રશ્નોના ઉકેલ માટે,લોકોના સળગતા સવાલોને મજબુતાઈથી રજૂઆત કરી શકે તે માટે લોકો વિરોધ પક્ષને મહત્વ આપશે કે કેમ....? દિલ્હીના રાજકીય પંડિતોની દેશના રાજ્યોમાં આવેલ રાજ્ય સભાની ચૂંટણીના ઉમેદવારો, જ્યોતિરાદિત્યનો પક્ષ પલટો ,તેમજ પક્ષ પલટા અંગે વિશેષ ચર્ચા ચાલી હતી. તેમાં પણ ખાસ મહત્વ હતું મધ્યપ્રદેશ માટેની ચર્ચાનુ.... કારણ સિંધિયાએ ભાજપાનો ભગવો પહેરી લીધો તે સાથે ૨૪ જેટલા ધારાસભ્યોને પોતાની સાથે લઈ જવા, અને બીજી બાબત છે ભાજપામાં મુખ્યમંત્રી બાબતે આંતરિક ડખો.... કે જેને લઈને ભાજપાનો ગ્રાફ તદ્દન નીચલા સ્તરે પહોંચી ગયો છે.....! જ્યોતિરાદિત્યએ કોંગ્રેસ છોડી તેમા કોંગ્રેસનો આંતરિક ડખો છે. સિંધિયા અને મુખ્યમંત્રી કમલનાથ વચ્ચે સતત ડખો ચાલી રહ્યો હતો, તો સિંધિયા કોંગ્રેસ છોડશે તેવી માહિતી દિલ્હી કોંગ્રેસના દિગ્ગજો સુધી પહોંચી ગઈ હતી તો મુખ્યમંત્રી કમલનાથ સુધી પણ દસેક દિવસ પહેલાં પહોંચી ગઈ હતી પરંતુ કોંગ્રેસ દિગ્ગજોએ કે ન તો કમલનાથે તેમને રોકવા પ્રયાસ કર્યા. તેનું પરિણામ પણ આવી ગયું સિંધિયા ભાજપામાં જોડાઈ ગયા. જો કે તેઓ મધ્યપ્રદેશ આવતાં કોંગ્રેસી જનોએ ભારે વિરોધ કરવા સાથે પ્રદર્શનો કર્યા તો તેમના કાફલા ઉપર પથ્થરમારો પણ થયો......!

# અમેરીકા- કેલિફોર્નિયાના અર્વાઈન ની શ્રીનાથજી હવેલી ખાતે હોલી ઉત્સવ ની ભવ્ય ઉજવણી....





## શ્રીનાથજી હવેલી અર્વાઈન ખાતે હોલી - ધુળેટી નિમિત્તે હોલીકા દહન કરી હોલી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી..

કેલિફોર્નિયા, કહેવાય છે એ કે '' સબ જગ હોરી યા વ્રજ હોરી '' એટલે કે બધી જગ્યાઓ એ માત્ર બે-ત્રણ દિવસની હોલી ઉજવણી હોય છે પરંતુ વ્રજ માં તો મહીના સુધી ઉજવણી કરવામાં આવે છે.

શ્રી કૃષ્ણ અને રાધા તથા ગોપીયો સાથે હોલી રમવા નંદગાંવ થી ગોવાળો બરસાના આવતા હતા અને ગોપીયો તેમને લાઠીઓથી મારતી હતી. આ અનોખી હોલીને લઠ્ઠમાર હોલી કહેવામાં આવે છે. દક્ષિણ કેલીફોર્નિયાના અર્વાઈન શહેર મધ્યે આવેલ શ્રીનાથજી હવેલી ખાતે છેલ્લા બે વર્ષથી વૈષ્ણવોનું આવું જ વ્રજધામ રચાયું છે.

અર્વાઈન ની શ્રીનાથજી હવેલી ખાતે આસપાસનાં શહેરો જેવાં એ અર્વાઈન, ટસ્ટીન, શાંતા અન્ના, એનાહિમ, ફાઉન્ટન વેલી,લગુના નીગેલ,સેન ક્લેમેન્ટી તથા મિશન વિજો વગેરે માં વસતાં વૈષ્ણવો છેલ્લા એક માસથી દર રવિવારે ' હોલી કે રસિયા' (હોલી ગીત ) ની મજા માણતા હતા.

હવેલીના મુખ્યાજી પંકજજી વ્યાસ તથા મુખ્યાણીજી શ્રીમતિ નેહાબેન વ્યાસના મધુર કંઠે હોલી ગીતો સાથે વૈષ્ણવો નાચી ઉઠે છે અને છેલ્લા ત્રણ દિવસથી રવિવારે ૮ માર્ચ સુધી રોજ હોલીગીતો ની રમઝટ ચાલી હતી. તથા સોમવાર તા. ૯ મી માર્ચ ના રોજ હવેલી ખાતે હોલીકા પૂજન અને હોલીકા દહન નો કાર્યક્રમ માં સોમવાર હોવા છતાં સાંજના સમયે ખૂબ મોટી સંખ્યા માં વૈષ્ણવો હાજર રહી હોલી પૂજન વિધિમાં

## વ્રજભુમિ નું વૈષ્ણવોને મન અનેરૂ મહત્વ છે. અને વ્રજની હોલી ઉજવણી અનેરી ગણાય.

ભાગ લીધો હતો અને હોલીકા દહન બાદ વૈષ્ણવો એક બીજાને અબીલ-ગુલાલનો છંટકાવ કરી આનંદ માણ્યો હતો. તેમજ મંગળવાર ના તા. ૧૦ માર્ચ ના રોજ સવારના ૧૦ થી ૧ સુધી દોલ ઉત્સવ નિમિત્તો પણ ખુબજ પ્રમાણમાં વૈષ્ણવો ની હાજરી નોંધપાત્ર હતી. આમ આખા માસથી ચાલતી હોલી ઉત્સવની ઉજવણી છેલ્લા ત્રણ દિવસો માં ખૂબજ ધામધૂમથી ઉજવાઈ હતી....


**( માહિતી;- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર;-કાન્તિભાઈ મિસ્ત્રી , કેલિફોર્નિયા )**

### સરકારી વર્કશોપ-કોન્ફરન્સ-સેમિનાર ન યોજવા આદેશ

# કોરોના ઈફેક્ટ: મુખ્યમંત્રીના ૩૧ માર્ચ સુધીના તમામ કાર્યક્રમો રદ

ગાંધીનગર,તા.૧૪

કોરોના વાયરસથી ભારતમાં બે મોત થયા બાદ હવે ગુજરાત સરકાર પણ સતર્ક થઈ રહ્યું છે. જોકે, ગુજરાતમાં હજી સુધી કોરોના વાયરસનો એક પણ દર્દી નોંધાયો છે. તેમ છતાં ગુજરાતમાં કોરોના વાયરસને પ્રવેશતા અટકાવવા માટે શક્યત તમામ પ્રયાસો ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે હાલ મોટા સમાચાર સામે આવ્યા છે કે, કોરોના વાયરસને લઈ સાવચેતીનાં ભાગરૂપે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના આગામી દિવસોનાં જાહેર કાર્યક્રમો કેન્સલ કર્યાં છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કોરોના



વાયરસથી સાવચેતીનાં ભાગરૂપે સીએમ વિજય રૂપાણી કોઈ જાહેર કાર્યક્રમોમા હાજર નહિ રહે. મુખ્યમંત્રી સાથે કે સરકાર સાથે જોડાયેલ કોઈ સરકારી કાર્યક્રમો પણ પણ મુખ્યમંત્રી નહિ જાય. સાવધાની રૂપે ૩૧ માર્ચ સુધીનાં મુખ્યમંત્રીના શિડ્યુલના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યાં છે. સંબંધિત અધિકારીઓ, મંત્રીઓ અને વિભાગો પણ જાહેર કાર્યક્રમો ન યોજે તે સૂચના આપવામા આવી છે.

ગુજરાત સરકાર પણ સતર્કતા દાખવીને અનેક પગલા લઈ રહી છે. કોરોના વાયરસના પગલે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ સતર્કમાં આવી ગયું છે. આ મામલે દ્વારા લેવાયો મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. એક જગ્યાએ વધુ સમય માટે લોકો એકઠા ન થાય એટલા માટે કોન્ફરન્સ, વર્કશોપ અને સેમિનાર ન યોજવાનો આદેશ કરાયો છે. ૩૧ માર્ચ સુધી રાજ્ય સરકારના તમામ વિભાગો દ્વારા કોન્ફરન્સ સેમિનાર કે વર્કશોપ ન યોજવા આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આદેશ કર્યો છે. કોરોના વાયરસને પગલે રાજ્યની જેલોમાં પણ સાવચેતી રાખવા સૂચના આપી દેવાઈ છે.

# સીબીએસઈ સ્કૂલોમાં શરૂ થનાર નવું શૈક્ષણિક સત્ર હાલ પૂરતુ સ્થગિત

અમદાવાદ,તા.૧૪

કોરોના વાઈરસની ઈફેક્ટ અમદાવાદની સ્કૂલો સુધી પહોંચી ગઈ છે અને આગામી દિવસોમાં શહેરની સીબીએસઈ સ્કૂલોમાં શરૂ થનારા નવા શૈક્ષણિક સત્રને હાલ પૂરતું સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની અનેક સીબીએસઈ સ્કૂલમાં માર્ચ મહિનાથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો હતો. પરંતુ આ સ્કૂલોએ હાલ પૂરતું નવું સત્ર શરૂ ન કરવાનું નક્કી કર્યું છે. આમ, માર્ચ દરમિયાન શહેરની અનેક સીબીએસઈ સ્કૂલ બંધ રહેશે. એપ્રિલમાં સ્કૂલ ક્યારથી શરૂ કરવી તે અંગે જે તે વખતની સ્થિતિ અને સરકારના માર્ગદર્શન બાદ નિર્ણય લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર દેશ હાલમાં કોરોના વાયરસને લઈને ભયમાં છે ત્યારે દેશના કેટલાક રાજ્યમાં તો સ્કૂલ બંધ પણ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં હજુ કોરોના વાયરસના દર્દી મળ્યા નથી. પરંતુ રાજ્યમાં વાયરસને ફેલાવાને અટકાવવા માટે હેલ્થ વિભાગ દ્વારા પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેરની સીબીએસઈ બોર્ડ સંલગ્ન કેટલીક સ્કૂલે માર્ચમાં શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષને હાલ પૂરતું સ્થગિત કરી દીધું હોવાનું જાણવા મળે છે. શહેરની અમુક સ્કૂલમાં ૧૬ માર્ચથી નવા સત્રનો પ્રારંભ થવાનો હતો. જ્યારે ઘણી સ્કૂલમાં ૨૬ માર્ચ આસપાસ શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો હતો. જોકે, હવે માર્ચ અંત સુધી આ સ્કૂલોએ નવું સત્ર શરૂ ન કરવાનો નિર્ણય લીધો છે.

## દરિયાપુરના ડબગરવાડમાં કોર્પોરેશન સ્માર્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ શરૂ કરશે

અમદાવાદ,તા.૧૪

શહેરના દરિયાપુરમાં ડબગરવાડ વિસ્તારમાં વર્ષોથી બંધ પડેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ગુજરાતી શાળા નંબર ૧૬માં વર્ષ ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રથી સ્માર્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ શરૂ થશે.

આ વર્ષે જુનિયર કે.જી,સિનિયર કે.જી અને ધો.૧ના વર્ગ શરૂ થશે. દરિયાપુરમાં ખાનગી સ્માર્ટ સ્કૂલો જેવી જ કોર્પોરેશનની પહેલી ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ શરૂ કરવા કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી લગધીર દેસાઈએ જણાવ્યું હતું કે ડબગરવાડની શાળાને આ વર્ષે વેકેશનમાં રીપેરિંગ કામ કરી સ્માર્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ શરૂ કરવા સર્વે ચાલુ કરી દેવામાં આવ્યો છે.

## વડોદરામાં કોરોના વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવતા ખળભળાટ

વડોદરા,તા.૧૪

કોરોના વાયરસનાં કારણે આખી દુનિયામાં ફફડાટ વ્યાપ્યો છે ત્યારે વડોદરામાં બે શંકાસ્પદ કેસો સામે આવ્યાં છે. જોકે, તેમને હાલ સિવિલ હૉસ્પિટલનાં આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે ખસેડી દેવામાં આવ્યાં છે.

આ સાથે તપાસ માટે તેમના લોહીનાં નમૂના પણ અમદાવાદ મોકલી દેવામાં આવ્યાં છે.

એક શંકાસ્પદ કેસમાં અમેરિકાનાં પ્રવાસમાંથી પરત આવેલા ૬૫ વર્ષીય વૃદ્ધમાં શંકાસ્પદ લક્ષણો દેખાયા છે. તેઓ અમેરિકાથી કરજણ પરત ફર્યા હતા. જ્યારે ચાઈનીઝ કંપનીમાં કામ કરતી એક મહિલા કર્મચારીમાં પણ શંકાસ્પદ લક્ષણો દેખાયા છે.

જેથી તેઓને સયાજી હોસ્પિટલનાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના બ્લડ સેમ્પલ લઈને અમદવાદની બી.જે. મેડિકલ કોલેજમાં મોકલી આપવામાં આવ્યા છે.

વડોદરા જિલ્લાનાં કરજણનાં વૃદ્ધ અમેરિકા ફરવા માટે ગયા હતા. જ્યાંથી તેઓ પરત ફર્યા બાદ તેમની તબિયત લથડી હતી. જેથી તેઓને સ્ક્રિનિંગ માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ સાથે ચાઈનીઝ કંપનીની કર્મચારીમાં પણ શંકાસ્પદ લક્ષણો દેખાયા હતાં. જેથી તેમને પણ આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યાં છે.

અંગે સયાજી હોસ્પિટલનાં આરએમઓ આર.બી. શાહે જણાવ્યું હતું કે, અમેરિકા આવેલા વૃદ્ધમાં શરદી, ખાસી અને તાવ હોવાથી તેમના બ્લડ સેમ્પલ લઈને લેબમાં મોકલી આપ્યા છે.

### ચાર લોકો ઓસ્ટ્રેલિયાથી આવેલા તાલીમાર્થી

# બનાસકાંઠામાં કોરોના વાયરસના ચાર શંકાસ્પદ કેસ સામે આવતા ફફડાટ

બનાસકાંઠા,તા.૧૪

રાજ્યમાં કોરોના વાયરસનો હજુ સુધી એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી ત્યારે રોજ રોજ શંકાસ્પદ કેસોની સંખ્યા વધી રહી છે. દેશમાં કોરોના વાયરસના કારણે બીજું મોત થઈ ગયું છે તેવા દહેશતના માહોલમાં બનાસકાંઠામાં શંકાસ્પદ કોરોના વાયરસના ચાર કેસ હોવાની વાતથી ખળભળાટ મચી ગયો છે. આ ચાર કેસ ઑસ્ટ્રેલિયાથી આવેલા તાલિમાર્થીના છે જેમને કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો દેખાતા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવની વિગત એવી છે કે રાજ્યમાં તાજેતરમાંજ ધૂળેટીનું પર્વ ધામેધૂમે ઉજવાયું હતું ત્યારે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં ઑસ્ટ્રેલિયાના ચાર તાલિમાર્થીઓ આવ્યા હતા.

આ ચાર યુવક-યુવતીઓએ ધૂળેટીના કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.

પ્રાપ્ત અહેવાલો મુજબ આ ચાર યુવક યુવતીઓને ખાંસી, શરદી થતા તેમને આઈસોલેશન વોર્ડમાં ખેસડવામાં આવ્યા છે. ચારેય વ્યક્તિઓએ ઘેર નૃત્યુના કાર્યક્રમમાં ભાગ લીધો હોવાથી આરોગ્ય વિભાગમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઈન્ટર્નશીપ કરવા માટે આવેલા આ ઑસ્ટ્રેલિય યુવક-યુવતીઓએ માળી સમાજના હોળી-ધૂળેટીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને ભરપુર સેલ્ફીઓ ક્લિક કરાવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અનેક લોકો પણ આ ઘટનાના કારણે ચિંતામાં મૂકાયા છે.

# 'વિવાદ સે વિશ્વાસ' ખરડો સંસદમાં પસાર

ન્યુ દિલ્હી,તા.૧૪

૩૧ માર્ચ સુધી ટેક્સ ભરી સેટલમેન્ટ કરનારા કરદાતાઓને વ્યાજ અને પેનલ્ટી નહીં લાગે તેવા ખરડાને સંસદે શુક્રવારે મંજૂરી આપી હતી.

ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્ર્વાસ ખરડો ધ્વનિમતથી રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યો હતો.

આ ખરડાને ચોથી માર્ચે લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો. બીજી માર્ચે નાણાં પ્રધાને લોકસભામાં આ ખરડો રજૂ કર્યો હતો. આ ખરડા અંગે વિગતવાર માહિતી આપવા સરકાર રાજ્યોને તમામ ભાષાઓમાં સર્ક્યુલર મોકલશે. ડેટ રિકવરી ટ્રિબ્યૂનલ, સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, આઈટીએટી, કમિશનર (અપીલ્સ) સહિતના ફોરમમાં ૪.૮૩ લાખ કેસ (મૂલ્ય રૂ. ૯.૩૨ લાખ કરોડ રૂપિયા) વિવાદમાં અટવાયા છે. ૩૧ માર્ચ સુધીમાં જો કરદાતાઓ કરની પૂરેપૂરી રકમ ભરી દેશે તો તેમને વ્યાજ અથવા પેનલ્ટી લાગશે નહીં.



ઉના- તુલસીશ્યામ રોડ પર વનના રાજાની લટાર વીડિયોમાં કેદ થઇ છે. ડાલામથો સિંહ રાત્રી દરમિયાન રોડ પર લટાર મારવા આવી ચડ્યો હતો. વાહનચાલકોને સિંહદર્શનનો લાભ મળી જતા દ્રશ્યો મોબાઈલમાં કેદ કર્યા હતા. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યો હતો. આ રસ્તા પર અવારનવાર સિંહો લટાર મારતા જોવા મળે છે. વીડિયોમાં વનરાજ આગળ ચાલી રહ્યો છે અને પાછળ વાહનો ચાલતા નજરે પડે છે.

# આંકલાવમાં ડુપ્લીકેટ ખાતર બનાવતી ફેક્ટરી ઝડપાઈ

આણંદ,તા.૧૪:

આંકલાવ તાલુકાના ભેટાસી ગામે બ્રાન્ડેડ કંપનીના રાસાયણિક ખાતરમાં ભેળસેળ કરી ડુપ્લીકેટ ખાતર બનાવતી ફેક્ટરી પર ગત રાત્રીના સુમારે આણંદની એસઓજી પોલીસે છાપો મારી ફેક્ટરીના ગોડાઉનમાંથી ૪૦૦થી વધુ ડુપ્લીકેટ ખાતર તેમજ મશીનરી અને કેમીકલના બેરલ સહિત દોઢ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક મહિલાની અટકાયત કરી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.મળતી વિગતો અનુસાર આણંદની એસઓજી પોલીસને બાતમી મળી હતી કે ભેટાસી ગામે બ્રાન્ડેડ કંપનીના ખાતરમાં ભેળસેળ કરી ડુપ્લીકેટ ખાતર તૈયાર કરી ખેડુતોને વેચવામાં આવી રહ્યું છે. જે બાતમીના આધારે ગત રાત્રીના સુમારે એસઓજી પીઆઈ વી. કે. ગઢવી સહિત પોલીસ સ્ટાફે છાપો મારતા ડુપ્લીકેટ ખાતર બનાવવાની ફેકટરીમાંથી બ્રાન્ડેડ કંપનીના ખાતરમાં કેમીકલ સહિત અન્ય વસ્તુઓની ભેળસેળ કરી બનાવેલી ડુપ્લીકેટ ખાતરની ૪૦૦થી વધુ થેલીઓ મળી આવી હતી. જેને લઈને એસઓજી પોલીસ ચોંકી ઉઠી હતી.

તેમજ ફેકટરીના ગોડાઉનમાંથી જુદા જુદા કેમીકલના નાના મોટા બેરલો મળી આવ્યા હતા તેમજ બ્રાન્ડેડ કંપનીની ખાતરની પ્રિન્ટ કરેલી ખાલી થેલીઓ તેમજ કેટલીક બ્રાન્ડેડ કંપનીના ખાતરની ભરેલી થેલીઓ પણ મળી આવી હતી.

## બાળક લાવવા દબાણ કરતાં પરણિતાની

# સાસુ,સસરા-પતિ વિરુદ્ધ શારિરીક ત્રાસની ફરિયાદ

અમદાવાદ,તા.૧૪

શહેરના મહિલા પોલીસસ્ટેશનમાં એક પરિણીતાએ તેના સાસુ સસરા અને પતિ સામે નાસકિ શારિરીક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. પરિણીતાનો આક્ષેપ છે કે તેના સાસુ સસરા અને પતિ બાળક લાવવા દબાણ કરતા હતા. જેથી તે આઈવીએફ મારફતે બાળક લાવવા પ્રોસેસ કરતી હતી. પણ તે પ્રોસેસ સફળ ન થતાં તેણે પાંચ પાંચ વાર આઈવીએફ અને અન્ય મેડિકલ પ્રોસેસ કરાવી હતી. હાલ તો પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાસરિયાઓને આટલા ત્રાસ આપ્યા બાદ સંતોષ ન થતાં પરિણીતાન બાળક લાવવા દબાણ કરતા હતા.

વારંવાર દબાણનો ભોગ બનતી પરિણીતાએ આખરે આઈવીએફ અને આઈયુઈની ચારેક વાર પ્રોસેસ કરાવી હતી. પણ તે મેડિકલ પ્રોસેસ સફળ ન રહી હતી.

બાદમાં ફરી સાસરિયાઓએ બાળકની માંગણી કરતા પરિણીતાએ આઈવીએફ કરાવ્યું હતું. પણ તેમાંય તેને સફળતા મળી ન હતી. દરમિયાનમાં વડોદરા અને અમદાવાદ ખાતે તેના પતિની નોકરી થતાં તે લોકોએ ઘર બદલ્યું હતું.

બાદમાં સાસુ સસરા તેમના આ મકાનમાં આવીને રહેવા લાગ્યા હતા. ત્યારે પણ સાસરિયાઓએ આ બાબતે ત્રાસ આપી પિયરમાંથી દહેજ લાવવા કહ્યું હતું. આખરે કંટાળીને પિયરપક્ષને પરિણીતાએ વાત કરતા સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હતા. જોકે, સમાધાન ન થતાં પરિણીતાએ મહિલા પોલીસને રજૂઆત કરતા પોલીસે આ મામલે પરિણીતાની ફરિયાદ સાસુ સસરા અને પતિ સામે નોંધી તપાસ હાથ ધરી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001